**ફોજદારી પરચુ. અરજી નં. ૧૧૬/૨૦૨૬**
**સંતરામપુર પો.સ્ટે. પ્રોહી ગુ.રજી. નં. ૧૧૧૮૭૦૦૭૨૬૦૨૦૨/૨૦૨૬**

---

***-:: મુદ્દામાલ અરજી લગત હુકમ ::-***

**સંતરામપુર પોલીસ સ્ટેશન પ્રોહી ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦૭૨૬૦૨૦૨/૨૦૨૬ ના કામે મુદ્દામાલ વીવો કંપનીનો V50E 8 + 256 GB મોબાઈલ વચગાડાની કસ્ટડીથી પરત મેળવવાની અરજી લગત હુકમ.**

(૧) અરજી તથા અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો. અરજદારના વિ.વ.શ્રી. ને તેમજ સરકારી વકીલશ્રીને સાંભળ્યા.

(૨) અરજદાર વિ.વ.શ્રીએ અદાલતને એવી રજુઆત કરેલ છે કે, આ કામે પોલીસ ` મુદ્દામાલ તરીકે **VIVO કંપનીનો V50E 8 + મોબાઈલ** સંતરામપુર પો.સ્ટેશન ના પ્રોહી ગુનાના કામે જપ્ત કરેલ છે. આ મોબાઈલ વપરાશ વગર પડી રહે તો તેની બોડી ને નુકશાન થાય તેમ હોય અને અરજદારને જરુરીયાત ની વસ્તુ હોય વચગાળાની કસ્ટડી પરત મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, સદરહું ગુનાના કામે જપ્ત કરવામાં આવેલ મોબાઈલ અરજદારનો રોજીંદી વપરાશનો ઈલેકટ્રીક ઉપકરણ છે અને વપરાશ વગર પડી રહે તો તેની બોડી તથા સ્પેરપાર્ટને નુકસાન થાય તેમ હોય અરજી મંજુર કરી મુદામાલ મોબાઈલ વચગાળાના હુકમથી પરત આપવા ન્યાયના હીતમાં હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૪) સદરહું કામે અરજદારની અરજી લગત થયેલ હુકમ મુજબ ત.ક. અમલદારશ્રીનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે જે સંતરામપુર પો.સ્ટે. જાવક નં. ૩૩૩૧/૨૦૨૬ થી રજુ કરેલ છે જે વંચાણે લેતાં અરજદાર અન્ય ગુના ના કામે આ મોબાઈલ નો ગુનાહીત પ્રવુતિ માં ઉપયોગ કરે તેવી સંભાવના હોઈ મુદામાલ મોબાઈલ પરત નહી સોંપવા અભિપ્રાય આપેલ છે.

૫. શ્રી સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રીએ મુદ્દામાલ પરત નહી સોપવા સંબંધેનો અરજી લગત નો શેરો કરેલ છે.

૬. આ ગુનાના કામે હાલના અરજદાર તે આરોપી છે અને તેમની પાસેથી સ્થળ પર આ મુદ્દામાલ મળી આવતા આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ છે. મોબાઈલ અરજદારની

**ફોજદારી પરચુ. અરજી નં. ૧૧૬/૨૦૨૬**
**સંતરામપુર પો.સ્ટે. પ્રોહી ગુ.રજી. નં. ૧૧૧૮૭૦૦૭૨૬૦૨૦૨/૨૦૨૬**

માલીકીનું હોવા બાબતેનું બીલ રજુ કરેલ છે.જે ઘ્યાને લેતા મુદ્દામાલ મોબાઈલ અરજદાર ધ્વારા તેમના નામે ખરીદ કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ હકીકતો અને સંજોગોને ઘ્યાને લેતા મુદ્દામાલ મોબાઈલ હાલના અરજદારની માલકીનુ હોઈ, લાંબા સમય સુધી બીનજરૂરી રીતે મુકી રાખવામાં આવે અને પરત સોંપવામાં ના આવે તો બીન વપરાશના કારણે બગડી જાય અને તેના સ્પેરપાર્ટસ નકામા થઈ જાય તેમ છે. જેના કારણે અરજદારને આર્થીક રીતે ઘણું નુકશાન થાય તેમ જણાય છે. તેવા સંજોગોમાં ''૨૦૦૩'' (૧) જી.એલ.એચ. પાન નં. ૩૦૭ સુપ્રિમ કોર્ટ, સુરેન્દ્રભાઈ અંબાલાલ દેસાઈ, વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિઘ્ધાંત ઘ્યાને લેતા મુદ્દામાલ **VIVO કંપનીનો V50E 8 + મોબાઈલ** તેના ખરા અને સાચા માલીકને બોન્ડ લઈને યોગ્ય શરતો મુકીને વચગાળાની કસ્ટડી સ્વરુપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ આ અદાલતનુ માનવુ હોય હાલની અરજી તળે હું નીચે મુજબનો હુકમ ફરમાવવામાંઆવે છે.

**::::: હુકમ ::::::**

અરજદાર/આરોપી ( સુધીરકુમાર દિપકભાઈ ડામોર, રહે.પાદેડીઅડોર તા. સંતરામપુર) તરફે રજુ કરવામાં આવેલ હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

અરજદારે મુદ્દામાલ **VIVO કંપનીનો V50E 8 + મોબાઈલ** તે પંચનામામાં દર્શાવેલ કિંમતથી દોઢી રકમના જામીન તથા તેટલીજ રકમનો જાત મુચરકો સંતરામપુર પો.સ્ટે. રજુ કરવો.

સંતરામપુર પો.સ્ટે. ઉપરોકત ગુનાના કામે જપ્ત કરેલ મુદ્દામાલ **VIVO કંપનીનો V50E 8 + મોબાઈલ** અરજદાર ને નીચેની શરતોને આધિન આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વચગાળાના સમય માટે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે...

**શરતો:–**

એડી.ચીફ જ્યુડી.મેજી.સંતરામપુર

**ફોજદારી પરચુ. અરજી નં. ૧૧૬/૨૦૨૬**
**સંતરામપુર પો.સ્ટે. પ્રોહી ગુ.રજી. નં. ૧૧૧૮૭૦૦૭૨૬૦૨૦૨/૨૦૨૬**

---

(૧) અરજદારએ આ કેસનો આખરી નિકાલ થતા સુધી કોઈને પણ કોઈપણ રીતે સદરહું મુદ્દામાલ **મોબાઈલ** તબદીલ કે ટ્રાન્ફર કરવુ નહીં.

(૨) અરજદારએ મુદ્દામાલ **મોબાઈલ** ના દેખાવ તેમજ ઓળખ બાબતે કોઈપણ પ્ર કારનો ફેરફાર કરવો નહીં તેમજ યથાવત પરિસ્થિતિમાં જાળવી રાખવુ.

(૩) અરજદારએ મુદ્દામાલ **મોબાઈલ** જયારે અને જયાં રજુ કરવા ફરમાવવામાં આવે ત્યારે અને ત્યાં અચુક રજુ કરવાનુ રહેશે.

(૪) કોઈપણ શરતનો ભંગ થયેથી અથવા બીજા કોઈની માલીકી સાબિત થયેથી મુદ્દામાલ પરત જપ્તીને પાત્ર ઠરશે.

હુકમ મુજબના જામીન સંબંધીત પોલીસ સ્ટેશનમાં રજુ કરવાના રહેશે. તપાસ કરનાર અમલદાર એ મુદ્દામાલ સોંપ્યા બાદ આ અદાલતને જાણ કરવી, પો.સ્ટે.ને યાદી કરવી.

હુકમ આજરોજ તા.૨૭ મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી

સંભળાવીને જાહેર કરેલ છે.

સ્થળ : સંતરામપુર. (શમા જાવેદહુસેન મેમણ)

તારીખ :૨૭/૦૭/૨૦૨૬. એડીશનલ સીની.સીવીલ જજ,
તા. સંતરામપુર, જી.મહીસાગર.
(કોડ નં.જી.જે.૦૧૩૫૩)